Navgujarat Samay

EDI

February 19, 2015
Page No. 4

# 'વિકાસે આન્ત્રપ્રિન્યોરશીપ રિસર્ચર સામેના પડકારો વધાર્યા'

**નવગુજરાત સમય** > અમદાવાદ

આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે આન્ત્રપ્રિન્યોરશીપ પરની ૧૧મી બાયેનીઅલ કોન્ફરન્સ યોજાઈ છે. ત્રણ દિવસની આ કોન્ફર્નસનું ઉદ્ઘાટન આઈઆઈએમ અમદાવાદના બિઝનેસ હિસ્ટરી ઓફ આન્ત્રપ્રિન્યોરશીપના ચેર પ્રોફેસર ડૉ. દ્વિજેન્દ્ર ત્રિપાઠીએ કર્યું.



ડૉ. ત્રિપાઠી

તેમણે ઈડીઆઈના વિદ્યાર્થીઓ અને રિસર્ચર્સને સંબોધતાં કહ્યું કે, 'આજે વિકાસે આન્ત્રપ્રિન્યોરશીપ રિસર્ચર સામેના પડકારો વધારી દીધાં છે, રિસર્ચના ક્ષેત્રમાં નવા આયોમ સર કરવા માટે આસાપાસના સામાજિક જીવન અને તેની સાથે સંકળાયેલાં દરેક ટેક્નોલોજીકલ પાસાનું બારિક અવલોકન કરીને તારણ કાઢવા પડે છે.' તેમણે આગળ જણાવ્યું કે, ' છેલ્લા બે વર્ષની ઉત્સાહપ્રેરક બાબત એ છે કે, સારી સેલેરી છોડીને પોતાના બિઝનેસ શરૂ કરનારા યુવાનોની સંખ્યા વધી છે.' ઈડીઆઈના ડિરેક્ટર ડૉ. દિનેશ અવસ્થીએ આ કોન્ફરન્સના દસ વર્ષના ઈતિહાસની અને તેના પાસાઓની વાત કરી હતી.